# વડોદરાના મે.૧૩માં એડી.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, મુ.વડોદરા.

**ક્રિમીનલ કેસ નં. ૪૪૪૭૦/૨૦૨૪**

GJVD020523382024

## આંક–૧ લગત હુકમ

(૧) ફરિયાદપક્ષનો કેસ એવો છે કે, આરોપીએ ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલ હોય તે અંગેની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થઈ તેઓની સામેનો ગુનો કબૂલ કરવા માંગતા હોય તે અંગેની લેખિત ગુના કબૂલાત પુરશીશથી રજુ કરેલ છે. જેથી આરોપી ઉપર ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૦ હેઠળ તહોમતનામું ફરમાવી આરોપીની પ્લી રેકર્ડ કરતા, આરોપીએ સ્વૈચ્છીક રીતે અને રાજીખુશીથી કોઈ પણ દાબ–દબાણ વગર ગુનાની કબૂલાત કરેલ છે. તેમજ રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ માણસ છે. તેમના ઉપર તેમના પરિવારની જવાબદારી રહેલ છે જેથી જો તેમને કાયદામાં ઠરાવેલ મહતમ સજા કરવામાં આવે તો તેનાથી તેમના પરિવારની જવાબદારી રહેલ છે. જેથી જો તેમને કાયદામાં ઠરાવેલ મહતમ સજા કરવામાં આવે તો તેનાથી તેમના પરિવારને અસર થાય એમ છે. આ તેઓની પ્રથમ ભૂલ છે. હવે પછી આવી ભૂલ નહિ કરવાની ખાતરી આપે છે અને ઓછા માં ઓછી સજા કરવા રજૂઆત કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ અદાલત દ્વારા જણાવવા છતાં અને સમજાવવા છતા આરોપી ગુનો કબૂલ કરવા સંમતિ દર્શાવે છે જેથી આરોપીની પુરસીસ રેકર્ડ ઉપર

લેવામા આવે છે.

(૩) આરોપી વિરુદ્ધ ધી ગુજરાત પ્રોહિબીશન એક્ટ ની કલમ –૬૫(એ)(એ) ના ગુનાનો તહોમત મૂકવામાં આવેલ છે. સદર ગુનાની સજાની જોગવાઈ જોતા સદર ગુના માં ઓછા માં ઓછી સજા કરવાની જોગવાઈ કરવામાં આવેલ નથી તે હકીકત ધ્યાને લેતા તેમજ આરોપીની કબૂલાત વંચાણે લેતા તેમાં જણાવેલ કારણો તેમ તેમની રજૂઆતો ધ્યાને લેતા આરોપી ગરીબ અને મધ્યમ વર્ગ ના માણસ જણાય છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. તેમના ઉપર પરિવારની જવાબદારી છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા અસમર્થ જણાતા હોય તેમજ તેઓનો આ પ્રથમ ગુન્હો હોવાનુ જણાઈ છે. જેથી આ આરોપીની કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવામાં આવશે તો તેનાથી તેના પરિવાર ઉપર અસર થાય તેમ છે, તે સંજોગોમાં તેમને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવાના બદલે નીચે મુજબ સજા કરવાનુ ન્યાયી અને ઉચિત માનું છું અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## <u>હુકમ</u>

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસિજર કોડ નો કલમ – ૨૪૧ અન્વયે તેની સામેના ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હા માં તકસીરવાન ઠરાવી **રૂ.૧૦૦/– (અંકે રૂપિયા સો પૂરા )** દંડ અને દંડ ની રકમ ના ભરે તો **દિન–03 (ત્રણ)** ની સાદી કેસ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વીત્યે થી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તે સિવાય આ કામે જો વાહન/મોબાઇલ મુદ્દામાલ તરીકે કબ્જે કરેલ હોય અને જો તે અંગે વચગાળાનો કોઇ હુકમ કરવામાં આવે

તો તે યથાવત રાખવામાં આવે છે. અન્યથા જવાબદાર પોલીસ અધિકારીએ મુદ્દામાલ અંગે ઇન્કવાયરી કરીને માલિકી ના ઓળખના આધાર પુરાવા લઇ તેના મૂળ માલિક ને પરત કરવુ.

આ હુકમ આજ તારીખ :૧૪/૦૯/૨૦૨૪ ના રોજ સ્પેશ્યલ સિટિંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા:-૧૪/૦૯/૨૦૨૪ | ( એન.બી.શર્મા) |
| વડોદરા | ૧૩માં એડી.જ્યુડી.મેજી.ફ.ક. |
| | વડોદરા. કોડ:- જીજે.૦૧૭૨૮ |